Australian Government

COVID-19 VACCINATION

# તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધામાં COVID-19 રસીકરણ દિવસે શુ અપેક્ષા રાખવી

## નિવાસીઓ, પરિવારો, સંભાળ રાખનારાઓ અને પ્રિયજનો માટે માહિતી

ઓસ્ટ્રેલિયામાં રહેતાં દરેકને COVID-19 રસી મળી રહે તેવી ઓસ્ટ્રેલિયાની સરકારની વ્યૂહરચના છે.

નિવાસી વૃદ્ધ સંભાળ કર્મચારીઓ અને રહેવાસીઓ એવા પ્રથમ લોકોમાં હશે જેઓ COVID-19 રસી પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકે છે. આ ઓસ્ટ્રેલિયાની COVID-19 રસીકરણની રાષ્ટ્રીય રોલ આઉટ વ્યૂહરચનાનો પ્રથમ તબક્કા (તબક્કો ૧)નો ભાગ છે.

નિવાસી વૃદ્ધ સંભાળ કર્મચારીઓ અને નિવાસીઓ માટે COVID-19 રસીકરણ નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધામાં કરવામાં આવશે. તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધા તમને જણાવશે કે તમારો રસીકરણ દિવસ ક્યારે હશે.

આ દસ્તાવેજ તમને, તમારા કુટુંબને, સંભાળ રાખનારાઓ અને પ્રિયજનોને રસીકરણના દિવસ પહેલાં અને તે દિવસે શું અપેક્ષા રાખવી તેની માહિતી આપે છે.

## રસીકરણ દિવસ પહેલાં

- ઓસ્ટ્રેલિયાની સરકાર
  તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધામાં રસી પહોંચાડવાનું આયોજન કરશે.

- ઓસ્ટ્રેલિયાની સરકારે નૈદાનિક કર્મચારીઓ (ક્લિનિકલ વર્કફોર્સ)ની પણ ભરતી કરી છે જે તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધાની મુલાકાત લેશે અને રહેવાસીઓ અને કર્મચારીઓને રસી મૂકી આપશે. આ ક્લિનિકલ કર્મચારીઓ રસીકરણ દિવસ પહેલાં, તે સુરક્ષિત અને અસરકારક રીતે યોજી શકાય તે માટે તમારા સુવિધા કેન્દ્ર સાથે ખૂબ નજીકથી કામ કરશે.

- તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધા, તમને અને તમારા અવેજી
  નિર્ણયકર્તાને (જો તમે કોઇને નિમ્યા હોય તો), COVID-19 રસી પ્રાપ્ત કરવા માટે સંમતિ આપવા માટે પૂછશે.

  - તમે COVID-19 રસીકરણ વિષે સમજી વિચારીને નિર્ણય લઇ શકો તે માટે માહિતી ઉપલબ્ધ છે. જો તમને તમારી સુવિધાએ પહેલેથી જ આ માહિતી પ્રદાન ન કરી દીધી હોય તો, તમે આરોગ્ય ખાતાની વેબસાઇટ પરથી એક નકલ મેળવી શકો છો.

  - સંમતિ આપતા પહેલાં, તમે, તમારા કુટુંબીજનો, સંભાળ રાખનારાઓ અને નિર્ણયકર્તાઓ રસીકરણના ફાયદા અને જોખમોની અને COVID-19ની રસી લેવી તમારા માટે યોગ્ય છે કે કેમ તેની ચર્ચા કરવા, તમારી સુવિધાના ક્લિનિકલ કર્મચારી, કોઇ જીપી અથવા અન્ય આરોગ્ય વ્યવસાયિકને રોકી શકો છો.

- તમારી સુવિધાના ક્લિનિકલ કર્મચારી તમે રસી મેળવવા યોગ્ય છો કે કેમ તેની ખાતરી કરવા તમારા આરોગ્યની તપાસ કરશે. જો તમારી સુવિધાને તમારા સ્વાસ્થ્ય વિષે કોઇ ચિંતા હશે તો, તેઓ તમારા જીપીની સલાહ લેશે. તમે તમારા સ્વાસ્થ્ય અને COVID-19 રસીકરણ વિષે કોઇપણ સમયે તમારા જીપી સાથે વાત કરવાનુ પસંદ કરી શકો છો.

- જો તમે COVID-19 રસી પ્રાપ્ત કરવા માટે સંમતિ આપશો તો તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધા રસી પ્રાપ્ત કરવા માટે તમારી નોંધણી કરશે. તમારું સુવિધા કેન્દ્ર રસીના કર્મચારીઓ સાથે રસીકરણ દિવસની તમામ વ્યવસ્થાઓનું સંચાલન કરશે.

- તમારા જીપીએ તમારા માટે COVID રસી સૂચવવાની જરૂર નથી.

- તમને વૃદ્ધ સંભાળ હીમાયતીનો ઉપયોગ કરવાનો અધિકાર છે. ઓપેન (OPAN) દ્વારા આ સેવા નિ:શુલ્ક, ગોપનીય અને સરકાર અને વૃદ્ધ સંભાળ પ્રદાતાઓથી સ્વતંત્ર છે. તમારા રાજ્ય અથવા પ્રદેશમાં વૃદ્ધ સંભાળ હીમાયતીઓ ૧૮૦૦ ૭૦૦ ૬૦૦ અથવા opan.com.au પર ઉપલબ્ધ છે.

## રસીકરણના દિવસે

- જો તમે રસી પ્રાપ્ત કરવા માંગત હોવ તો, તમારી સુવિધાના ક્લિનિકલ કર્મચારી રસીકરણ દિવસે તમે સ્વસ્થ છો કે કેમ તેની ખાતરી કરશે. જો તમે રસીકરણના દિવસે સ્વાસ્થ્ય સમસ્યા અનુભવો તો, તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધા તમારું રસીકરણ આગળ વધી શકે છે કે નહિં અથવા તે પછીની તારીખ સુધી વિલંબિત કરવાની જરૂર છે તે નક્કી કરવા તમારા જીપીની સલાહ લઇ શકે છે.

- રસીકરણના દિવસે તમને સહાય કરવા અને ટેકો આપવા માટે તમે તમારા સહાયક વ્યક્તિને તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધામાં હાજર રાખવાનું પસંદ કરી શકો છો. આમાં કોઇ માહિતી અનુવાદ કરાવવાનું અથવા જો તમે ચિંતિત હોવ તો પુનર્આશ્વાસન આપવાનો પણ સમાવેશ થઇ શકે છે.

- કોઇપણ બીજી રસીની જેમ, COVID-19 રસી મૂકાવ્યા પછી તમને કેટલીક આડઅસરો થઇ શકે છે. તમારી રસી મૂકી રહેલ ક્લિનિકલ કર્મચારી રસીકરણ પછી તમારે શું અપેક્ષા રાખવી તે વિષેની માહિતી આપશે. આ માહિતી આરોગ્ય વિભાગની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે.

- તમારા રસીકરણ પછી તમારી નિવાસી વૃદ્ધ સંભાળ સુવિધાના કર્મચારી તમારી વધુ ઝીણવટપૂર્વક દેખરેખ રાખશે. જો તમને રસી મૂકાવ્યા પછી અસ્વસ્થતા લાગે તો તેમને ચોક્કસ જણાવશો.

## વિશ્વસપાત્ર માહિતીથી જાણકાર રહો

આરોગ્ય ખાતાની વેબસાઇટ પર તમે અનુવાદિત માહિતી સહિતની વધુ માહિતી મેળવી શકો છો COVID-19 રસીઓ વેબસાઇટ. તમે COVID-19 રસીની અદ્યતન માહિતી મેળવતા રહેવા માટે કબૂલ (સબ્સ્ક્રાઇબ) પણ થઇ શકો છો.

જો જરૂર હોય તો તમે રાષ્ટ્રીય કોરોનાવાયરસ સહાય સેવાને ૧૮૦૦ ૦૨૦ ૦૮૦ પર ફોન કરી અને દુભાષિયાની માંગણી પણ કરી શકો છો.

જો તમે કોઇ મુદ્દાઓ વિષે વાત કરવા માંગતા હોવ તો, અથવા તમને COVID-19ની બાબતમાં ચિંતા હોય અથવા તમારા વૃદ્ધ સંભાળ પ્રદાતા સાથે જોડાવામાં મદદની જરૂર હોય તો, વૃદ્ધ વ્યક્તિઓના હીમાયતી નેટવર્ક (ઓલ્ડર પર્સન્સ એડવોકસી નેટવર્ક - OPAN) ઉપલબ્ધ છે. ૧૮૦૦ ૨૩૭ ૯૮૧ પર સવારના ૬થી રાતના ૧૦ (પૂર્વી ઓસ્ટ્રેલિયાના ઉનાળાના સમય પ્રમાણે), અઠવાડિયાના ૭ દિવસમાં ફોન કરો અથવા covid@opan.com.au પર ઇમેલ કરો.